# રાજકોટ જિલ્લામાં પશુપાલન વ્યવસાય દ્વારા સ્વરોજગાર



નામ : અશોકભાઈ ભંડેરી
ગામ : ખીજડીયા
તાલુકો : રાજકોટ
જિલ્લો : રાજકોટ
મો. ૯૯૦૯૯ ૯૩૯૩૫

ઉંમર : ૩૮ વર્ષ
અભ્યાસ : ૧૨ પાસ
ખેતી અને પશુપાલન : ૨૨ વર્ષથી
જમીન : ૮ એકર
પશુઓ : ગીરગાય – ૨૫, ભેસ – ૭૦ (બંની તથા મહેસાણી)

રાજકોટ જિલ્લાના ખીજડીયા ગામના પશુપાલક શ્રી અશોકભાઈ ભંડેરી છેલ્લા ત્રણ વર્ષથી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જુ.કૃ.યુ., તરઘડીયાના માર્ગદર્શનથી પશુપાલનના વ્યવસાયમાં મોટું યોગદાન આપી રહયા છે. તેઓએ  કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જુ.કૃ.યુ., તરઘડીયા દ્વારા અપાતી તાલીમમાંથી  પ્રેરણા લઇ અને અત્રેના કેન્દ્રના માર્ગદર્શન હેઠળ એક વૈજ્ઞાનિક પશુપાલનનું ડેરી ફાર્મિંગ યુનિટ તૈયાર કર્યું છે. જે “ગીરીરાજ ફાર્મ” ના નામથી ઓળખાય છે. આ ફાર્મમાં તેઓ પશુઓનું રહેઠાણ , પશુઓનો ચારો તેમજ ખાણદાણ, સંવર્ધન વગેરે પ્રવૃતિઓ વૈજ્ઞાનિક ઢબે કરે છે. આ ફાર્મમાં ઉત્પન્ન થતું સ્વચ્છ દૂધ તેઓ રાજકોટ શહેરના વિવિધ વિસ્તારમાં ડોર-ટુ-ડોર મીલ્કવાન દ્વારા પહોંચાડે છે. તેઓ પાસે કુલ ૯૫ જાનવરો દ્વારા રોજનું આશરે ૮૪૦ લીટર દૂધ ઉત્પાદન થાય છે. તેઓ પશુઓના છાણનું અધતન દેશી ખાતર તૈયાર કરી અને કોઈપણ જાતના કેમિકલ ખાતર કે દવા વગર જાનવરો માટેનો ઘાસ ચારો તૈયાર કરે છે.

વર્ષ ૨૦૧૩-૧૪ દરમ્યાન તેઓએ આ ફાર્મ દ્વારા આશરે રૂપિયા ૧૪ - લાખ નફા પેટે કમાણી કરી છે અને તેઓ દ્વારા આવું અધતન પશુપાલન યુનિટ જોઇને ખીજડીયા ગામ તેમજ આસ-પાસના ગામના પશુપાલકો ગીરીરાજ ફાર્મની મુલાકાત-માર્ગદર્શન લઈને પશુપાલનનો વ્યવસાય કરવા માટે પ્રેરાયા છે. તેઓ પણ અશોકભાઈ ભંડેરીની જેમ શ્વેત ક્રાંતિના પ્રેરણા સ્ત્રોત બની ગુજરાતના વિકાસમાં સહભાગી બની રહ્યા છે.



